# શ્રી સીમંધરનાથ જિન-સ્તવન

(આવો આવો પાસજી મુને મળિયારે-રાગ)

આવો આવો સીમંધર પ્રભુ મળિયા રે,
મારા મનના મનોરથ ફળિયા; આવો......આવો.......
મારા આંગણા આજ ઉજળિયા, આવો......આવો........
મારા અંતર આજ ઉછળિયા, આવો.......આવો.......
મારા કાર્ય સરવે સુધરિયા.......આવો.........આવો૦ ૧

તારી મૂર્તિ મોહનગારી રે, સર્વ ભક્તને લાગે છે પ્યારી રે;
તમને મોહી રહ્યા સુરનરનારી.........આવો......આવો૦ ૨

અલબેલી મૂરત પ્રભુ તારી રે, તારા મુખડા ઉપર જાવું વારી રે,
ભવ્ય જીવોને લીધા ઉગારી......આવો......આવો૦ ૩

ધન્ય ધન્ય દેવાધિદેવારે, સુરલોક કરે છે સેવા રે;
અમને આપોને શિવપુર મેવા......આવો.......આવો૦ ૪

જે કોઈ સીમંધર તણા ગુણ ગાશે રે ભવ ભવના પાતિક જાશે રે;
તેના સમકિત નિર્મળ થાશે.......આવો.......આવો૦ ૫

તમે શિવરમણીના રસિયા રે, મહાવિદેહ ક્ષેત્રમાં વસિયા રે;
મારા હૃદય કમળમાં વસિયા....આવો.......આવો૦ ૬

પ્રભુ સીમંધર જિનરાયા રે, માતા સત્યવતીના જાયા રે;
અમને દરિશણ દોને દયાળા.....આવો.....આવો૦ ૭

ગુરુરાજ પ્રતાપે પ્રભુ મળિયા રે, મારા ગુરુજી છે ગુણના દરિયા રે;
જ્ઞાન-દર્શનાદિક ગુણથી ભરિયા.....આવો.......આવો૦ ૮

હું તો લળી લળી લાગું છું પાય રે, મારા ઉરમાં તે હરખ ન માય રે;
એમ ભક્ત ભાવેથી ગુણ ગાય.......આવો.....આવો૦ ૯